


# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PRGI No. GUJGUJ/2016/70752

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 185
Dt.: 11-05-2026,
Monday
Page:04
Rs.00.50 paisa





# તંત્રી લેખ......

## તમિલનાડુમાં વિજય

બંગાળમાં ભાજપ સરકારના શપથ ગ્રહણ પછી, હવે રાહ જોવાની છે તમિલનાડુમાં સરકારની રચના, જેનું પરિણામ અણધાર્યું છે. ટીવીકે નેતા જોસેફ વિજયને કોંગ્રેસ, સીપીઆઈ(એમ), સીપીઆઈ, વીસીકે અને ડીએમકેથી અલગ થયેલી ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગનો ટેકો મળ્યો હોવાથી, મુખ્યમંત્રી તરીકે તેમનો શપથ ગ્રહણ શંકાની બહાર છે. અભિનેતાથી રાજકારણી અને મુખ્યમંત્રી સુધી વિજયનો ઝડપી ઉદય ચમત્કારિક નથી. તેમણે બે વર્ષ પહેલાં પોતાની પાર્ટી બનાવી હતી અને પોતાના પહેલા જ પ્રયાસમાં સત્તા પર પહોંચ્યા હતા. તેમની જીત તમિલનાડુમાં ફિલ્મ સ્ટાર્સ માટેનો અનોખો ક્રેઝ દર્શાવે છે.

આ જ કારણ છે કે કરુણાનિધિ, એમજીઆર અને જયલલિતા જેવા ફિલ્મી હસ્તીઓએ રાજકારણમાં પોતાની છાપ છોડી છે. હાલમાં, વિજય મુખ્યમંત્રી તરીકે કેવા પ્રકારની રાજકીય અસર કરશે તે આગાહી કરવી મુશ્કેલ છે, કારણ કે તેમની પાસે કોઈ વહીવટી અનુભવ નથી. તેમની સરકાર પાંચ પક્ષોના ટેકા પર આધાર રાખશે, તેથી અભિનેતા તરીકે તેમની લોકપ્રિયતા હોવા છતાં, તેમના માટે શાસન કરવું મુશ્કેલ બનશે. એ સાચું છે કે તમિલનાડુ પ્રમાણમાં સમૃદ્ધ રાજ્ય છે, પરંતુ વિજયે જેટલા લોકશાહી વચનો આપ્યા છે તે જોતાં, તેમને પૂરા કરવા મુશ્કેલ બનશે.

આર્થિક રીતે મજબૂત તમિલનાડુના રાજકારણીઓએ આટલા બધા લોકશાહી વચનો કેમ આપવા પડે છે? આ પ્રશ્નનો જવાબ એ લાગે છે કે રાજ્યનો એક વર્ગ હજુ પણ ગરીબીમાં ફસાયેલો છે. આ એક વિસંગતતા છે. મફત ભેટો વહેંચીને ગરીબી નાબૂદ કરી શકાય છે તે શંકાસ્પદ છે. વિજયના કિસ્સામાં, તે જોવાનું બાકી છે કે શું તે દ્રવિડ પક્ષો જેવો જ માર્ગ અપનાવશે કે નવો માર્ગ અપનાવશે. તે કોઈ રહસ્ય નથી કે દ્રવિડ પક્ષો હિન્દી વિરોધી રાજકારણમાં રોકાયેલા છે, ઘણીવાર દિલ્હીમાં કેન્દ્ર સરકાર સાથે મુકાબલો કરે છે. તમિલ ઓળખના નામે, તેઓએ તમિલવાદને એવી રીતે પ્રોત્સાહન આપવાનો પણ પ્રયાસ કર્યો છે કે જાણે રાજ્ય દેશના બાકીના ભાગથી અલગ હોય.

આ તમિલવાદ ઘણીવાર ક્ષત્રિય સંકુચિતતા અને એક પ્રકારના અલગતાવાદની ગંધ લે છે. ખ્રિસ્તી જોસેફ અને તેમના રાજકીય પક્ષની વિચારધારા જાણવી મુશ્કેલ છે. શું તે વિચિત્ર નથી કે તેઓ ભાજપને ધાર્મિક પક્ષ માને છે પણ મુસ્લિમ લીગને નહીં? ખરેખર, વિજયની આસપાસ ઘણા પ્રશ્નો છે. આમાંથી એક એ છે કે શું તેમના સત્તામાં આવવાથી ખ્રિસ્તી મિશનરીઓના ધર્માંતરણ અભિયાનો વધુ તીવ્ર બનશે.

### ૯ અન્ય વિધાયકોએ મંત્રીપદના શપથ લીધા

# તમિલનાડુના નવા મુખ્યમંત્રી બન્યા થલાપતિ વિજય

### વિજયને રાજ્યપાલે મુખ્યમંત્રી પદના શપથ લેવડાવ્યા : આ પળના તેમના માતા પિતા અને મિત્રો સાક્ષી રહ્યા હતા : રાહુલ ગાંધી પણ સામેલ થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નઈ

અનેક માથાપચ્ચી બાદ આખરે તમિલનાડુમાં ટીવીકેનો સત્તાનો માર્ગ મોકળો થઈ ગયો અને આજે થલાપતિ વિજયના નામથી ઓળખાતા સી જોસેફ વિજય મુખ્યમંત્રી પદના શપથ પણ લીધા. વિજયના શપથગ્રહણ સમારોહમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ સામેલ થયા. શપથગ્રહણ સમારોહ ચેન્નાઈના નહેરુ સ્ટેડિયમ ખાતે યોજાયો. મીડિયા રિપોર્ટ મુજબ પહેલા વિજય બપોરે ૩.૪૫ કલાકે શપથ લેવાના હતા પરંતુ તેમના એસ્ટ્રોલોજરે તેમને સવારે ૧૦ વાગે શપથ લેવાની સલાહ આપી હતી. થલાપતિ વિજય તરીકે ઓળખાતા સી જોસેફ વિજયને રાજ્યપાલે મુખ્યમંત્રી પદના શપથ લેવડાવ્યા. આ પળના તેમના માતા પિતા અને નીકટના મિત્રો સાક્ષી રહ્યા હતા. તમિલનાડુના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ અર્લેકરે વિજયને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા.

આ ૯ વિધાયકોએ મંત્રી પદના શપથ લીધા

વિજયે મુખ્યમંત્રી પદના શપથ લીધા બાદ ૯ વિધાયકોએ મંત્રી પદના શપથ લીધા. જેમાં થિરુ એન આનંદ, સીટીઆર નિર્મલકુમાર, અરુણ રાજ, આધવ અર્જૂના, કીર્તના, રાજમોહન, વેંકટરામનન અને સેનગોટ્ટૈયાન સામેલ છે.



૧. થિરુ એન આનંદે કે જેઓ ત્યાગરાજ સીટથી ધારાસભ્ય બન્યા છે તેમણે મંત્રીપદના શપથ લીધા. તેઓ ટીવીકેના મહાસચિવ અને પ્રવક્તા પણ છે.

૨. ટીવીકે નેતા અને પ્રમુખ રણનીતિકાર આધવ અર્જૂન પણ મંત્રી બન્યા. તેઓ વિલ્લિવક્કમ સીટથી વિધાયક છે અને વીસીકેના જનરલ સેક્રેટરી રહી ચૂક્યા છે.

૩. ટીવીકેના મહાસચિવ કેજી અરુણ રાજે પણ મંત્રીપદના શપથ લીધા જેઓ તિરુત્તેંગોડે સીટથી ચૂંટાઈ આવ્યા છે અને પૂર્વ IRS અધિકારી છે.

૪. ગોબીચેટ્ટિપાલયમ સીટથી નવા ચૂંટાઈ આવેલા વિધાયક કે એ સેંગોટ્ટૈયને મંત્રી પદના શપથ લીધા. નવમી વખત વિધાયક બનેલા સેંગોટ્ટૈયન ટીવીકે પહેલા લાંબા સમય સુધી AIADMK જોડે જોડાયેલા રહ્યા.

૫. માયલાપુરથી નવા ચૂંટાઈ આવેલા પી વેંકટરામનન પણ મંત્રી બન્યા. તેઓ લાંબા સમયથી વિજય સાથે જોડાયેલા રહ્યા છે અને વર્ષ ૨૦૦૦માં તેઓ વિજયના મેનેજર હતા.

૬. તમિલનાડુમાં ભાજપના સોશિયલ મીડિયાના ચીફ રહી ચૂકેલા આર નિર્મલકુમાર થુરુપરંકુદ્રમ સીટથી ચૂંટણી લડ્યા અને જીત્યા અને હવે મંત્રીપદના શપથ લીધા. તેઓ એક સમયે AIADMKનો પણ ભાગ રહી ચૂક્યા છે.

૭. તમિલ અભિનેતા અને ડાયરેક્ટર રાજમોહને મંત્રીપદના શપથ લીધા. તેઓ ટીવીકેના પ્રચાર સચિવ અને એગ્મોર સીટથી ચૂંટાઈ આવ્યા છે.

૮. ડો. ટી કે પ્રભુ પણ વિજય સરકારમાં મંત્રી બન્યા. તેઓ કરાઈકુડી સીટથી વિધાયક છે અને વ્યવસાયે ડોક્ટર છે. તેઓ પહેલીવાર વિધાયક બન્યા છે.

૯. ૨૯ વર્ષના એસ કિર્તના પણ મંત્રી બન્યા. તેઓ ટીવીકે સરકારના સૌથી યુવા મંત્રી છે. તેમણે તમિલનાડુની શિવપાસી સીટથી ચૂંટણી જીતી.

અભિનેત્રી ત્રિશા કૃષ્ણનન પણ જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે યોજાયેલા ટીવીકે ચીફ સી જોસેફ વિજયના મુખ્યમંત્રી પદના શપથગ્રહણ સમારોહમાં સામેલ થઈ છે.

ચેન્નાઈના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં ટીવીકે ચીફ સી જોસેફ વિજયે તમિલનાડુના મુખ્યમંત્રી પદના શપથ લીધા. અનેક મોટા રાજકીય ચહેરાઓ પણ હાજર રહ્યા. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ઉપરાંત ભાજપ અને અન્ય પક્ષોના નેતાઓ પણ કાર્યક્રમમાં સામેલ થયા. અભિનેત્રી ત્રિશા કૃષ્ણન ઉપરાંત સનમ શેટ્ટી પણ સમારોહમાં જોવા મળ્યા. વિજયના શપથ સાથે જ તમિલનાડુના રાજકારણમાં એક નવા અધ્યાયની શરૂઆત થઈ રહી છે. સમર્થકોમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળ્યો.

શપથ ગ્રહણ સમારોહની સૌથી ભાવુક પળ એ હતી કે જ્યારે વિજયના પિતા અને જાણીતા ફિલ્મ ડાયરેક્ટર એસએ ચંદ્રશેખર પુત્રને મુખ્યમંત્રી પદના શપથ લેતા જોઈને ભાવુક થઈ ગયા. પહેલા તો તેઓ ગર્વથી તાળી પાડતા જોવા મળ્યા અને પછી ગણતરીની પળો બાદ તેમની આંખોમાંથી આંસુ સરી પડ્યા. કેમેરામાં આ પળ કેદ થઈ ગઈ. નજીક બેઠેલા વિજયના માતા શોભા ચંદ્રશેખર પણ ખુબ ભાવુક થયેલા જોવા મળ્યા.

## મુખ્યમંત્રી બનતાની સાથે જ વિજયે લેવા માંડ્યા મોટા નિર્ણયોઃ ૨૦૦ યુનિટ વીજળી મળશે ફ્રી

### આ ઉપરાંત તેમણે મહિલાઓની સુરક્ષા માટે એક વિશેષ સુરક્ષા ફોર્સ બનાવવા સંબંધિત ફાઈલ ઉપર સહી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નઈ

તમિલનાડુમાં આજે અભિનેતામાંથી રાજનેતા બનેલા થલાપતિ વિજયે ચેન્નાઈના નહેરુ સ્ટેડિયમમાં વિશાળ જનમેદની વચ્ચે મુખ્યમંત્રી પદના શપથ લીધા. તેમની સાથે નવ અન્ય વિધાયકોએ પણ મંત્રી પદના શપથ લીધા. શપથ લીધા બાદ તાબડતોબ વિજયે અનેક મહત્વની ફાઈલો પર સહી કરી અને સ્પષ્ટ સંકેત આપ્યો કે તેમની સરકાર જનતાને આપેલા વચનોને પ્રાથમિકતા આપશે. વિજયે સૌથી પહેલા ઘરેલુ ગ્રાહકોને ૨૦૦ યુનિટ વીજળી મફત આપવાની યોજનાને મંજૂરી આપી દીધી. જે તેમના ચૂંટણી અભિયાનના સૌથી મોટા વચનોમાં સામેલ હતું. આ ઉપરાંત તેમણે મહિલાઓની સુરક્ષા માટે એક વિશેષ સુરક્ષા ફોર્સ બનાવવા સંબંધિત ફાઈલ ઉપર પણ સહી કરી. સરકારનું કહેવું છે કે આ ફોર્સ મહિલાઓ સંબંધિત ગુનાઓ પર ઝડપથી કાર્યવાહી કરશે.

જો કે શપથ ગ્રહણ સમારોહ બાદ વિજયનો સૌથી મોટો રાજકીય સંદેશ ડીએમકે સરકાર વિશે આવ્યો. તેમણે જાહેરાત કરી કે ૨૦૨૧થી ૨૦૨૬ સુધીની તમિલનાડુની આર્થિક સ્થિત પર એક શ્વેત પેપર બહાર પાડવામાં આવશે. વિજયે કહ્યું કે ડીએમકે સરકાર અમારા માટે ૧૦ લાખ કરોડ રૂપિયાનું દેવું છોડીને ગઈ છે. હું જનતાને જણાવવા માંગુ છું કે ગત સરકારે રાજ્ય પર કેટલો બોજો નાખ્યો છે અને મારે કઈ સ્થિતિમાં જવાબદારી સંભાળવી પડી છે.

સરકારના જણાવ્યાં મુજબ ઘરેલુ ગ્રાહકો માટે દર મહિને ૨૦૦ યુનિટસુધી વીજળી મફત આપવામાં આવશે. જેનાથી મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારોને રાહત મળવાની આશા જાગી છે. જ્યારે મહિલાઓ માટે રાજ્ય પરિવહન નિગમની સાધારણ બસોમાં મફત સવારીની યોજના પણ તરત લાગૂ કરવાના નિર્દેશ અપાયા છે. મુખ્યમંત્રી વિજયે કહ્યું કે તેમની સરકાર જનતાની સરકાર હશે અને ચૂંટણી દરમિયાન આપવામાં આવેલા વચનોને તબક્કાવાર રીતે પૂરા કરાશે. તેમણે અધિકારીઓને સ્પષ્ટ નિર્દેશ આપ્યા કે યોજનાઓના અમલીકરણમાં વિલંબ થવો જોઈએ નહીં અને લોકો સુધી જલદી લાભ પહોંચે. પોતાના સંબોધનમાં વિજયે પારદર્શક અને જવાબદાર પ્રશાસન આપવાનું વચન આપ્યું. તેમણે કહ્યું કે, તેમની સરકાર જનતાના ભરોસા પર ખરા ઉતરવાની પૂરેપૂરી કોશિશ કરશે. તેમણે લોકો પાસે સમર્થન માંગતા કહ્યું કે જો તમે મને તક અને સહયોગ આપશો તો હું તમને આપેલા બધા વચનો પૂરા કરવાની કોશિશ કરીશ. વિજયના આ નિવેદન પર ખુબ તાળીઓ પડી. નવી સરકારના નવા નિર્ણયો અને ડીએમકે પર પ્રહારથી સ્પષ્ટ થયું છે કે તમિલનાડુનું રાજાકારણ હવે એક નવા અને આક્રમક દોરમાં પ્રવેશી ચૂક્યું છે. આ બે નવા નિર્ણયો ઉપરાંત સરકારે યુવાઓને રોજગાર, મોંઘવારીમાંથી રાહત અને સમાજિક કલ્યાણ સંબંધિત અનેક યોજનાઓ પર કામ શરૂ કરવાના સંકેત પણ આપ્યા છે. રાજકીય જાણકારોનું માનવું છે કે વિજય પોતાની પહેલી જ ઈનિંગમાં પોતાને વચન નિભાવનારા નેતા તરીકે સાબિત કરવા માંગે છે. શપથ ગ્રહણ બાદ તરત લેવાયેલા નિર્ણયોએ રાજ્યના રાજકારણમાં હલચલ પેદા કરી છે. સમર્થકો તેને જનતા માટે મોટી રાહત ગણાવી રહ્યા છે. જ્યારે વિપક્ષ સરકારની આર્થિક ક્ષમતા અને આ યોજનાના નાણાકીય બોજ પર સવાલ ઉઠાવી રહ્યો છે.

## બ્લેક પેન્ટ, વ્હાઈટ શર્ટ... દાયકાઓ જૂની પરંપરા તોડી થલાપતિ વિજયે લીધા શપથ

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નઈ

થલાપતિ વિજયે આજે તમિલનાડુના મુખ્યમંત્રી પદના શપથ લીધા છે. ચેન્નાઈ સ્થિત નેહરુ સ્ટેડિયમમાં સવારે તેઓએ શપથ લીધા છે. આ ખાસ પ્રસંગે વિજયનો સૌથી અલગ અંદાજ જોવા મળ્યો. શપથ ગ્રહણ સમારોહ માટે વિજયે પરંપરાગત પોશાકને બદલે ફોર્મલ લુક પસંદ કર્યો.

શપથ ગ્રહણ સમારોહમાં સામાન્ય રીતે નેતાઓ પરંપરાગત ધોતી અને શર્ટ (વેષ્ટી) પહેરેલા જોવા મળે છે. પરંતુ વિજયે પોતાના શપથ ગ્રહણ માટે બિલકુલ અલગ અને મોડર્ન લુક પસંદ કર્યો. વિજયે પરંપરાગત પહેરવેશના સ્થાને ફોર્મલ લુકને પ્રાધાન્ય આપ્યું.

વ્હાઈટ શર્ટ, બ્લેક પેન્ટ અને ફોર્મલ શૂઝમાં વિજયનો અંદાજ કોઈ ફિલ્મી હીરો જેવો લાગતો હતો. તેમનો આ મોડર્ન લુક તમિલનાડુના યુવાનો સાથે જોડાવા અને પરિવર્તન લાવવાના તેમના પ્રયાસનો એક ભાગ હોઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી તમિલનાડુના લગભગ તમામ પૂર્વ મુખ્યમંત્રીઓ શપથ ગ્રહણ માટે પરંપરાગત તમિલ પહેરવેશ જ પસંદ કરતા રહ્યા છે. એમ.જી. રામચંદ્રન હંમેશા પોતાની પ્રસિદ્ધ ટોપી, ચશ્મા અને સફેદ વેષ્ટી-શર્ટમાં શપથ લેતા હતા. એમ. કરુણાનિધિ પણ પોતાની પીળી શાલ અને સફેદ પરંપરાગત પહેરવેશ માટે જાણીતા હતા. પન્નીરસેલ્વમ અને ઈ.કે. પલાનીસ્વામીએ પણ સફેદ વેષ્ટી અને શર્ટ જ પહેર્યા હતા. એમ.કે. સ્ટાલિન વર્ષ ૨૦૨૧માં તેમણે પણ સફેદ શર્ટ અને વેષ્ટી પહેરીને જ મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા.

પરંતુ વિજયે આ શપથ ગ્રહણ સમારોહમાં ફોર્મલ પહેરીને દાયકાઓ જૂની આ પરંપરા તોડી નાખી છે. વિજયનો આ ફોર્મલ લુક જનતાને એ સંદેશ આપવાનો પ્રયાસ હોઈ શકે છે કે તેમની સરકાર આધુનિક પદ્ધતિથી કામ કરનારી સરકાર હશે. વિજયના શપથ ગ્રહણ સમારોહને ધ્યાનમાં રાખીને ચેન્નાઈ પોલીસે સુરક્ષાની ચુસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવી. સ્ટેડિયમની અંદર અને બહાર હજારોની સંખ્યામાં પોલીસ જવાનો તૈનાત રહ્યા.

### પગારમાં ભેદભાવનો આક્ષેપ

## પાંચ સીનિયર ખેલાડીઓએ કોન્ટ્રાક્ટ સાઈન કરવાની ના પાડી

(સંપૂર્ણ સમાચાર સેવા)સીડની

ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં હાલમાં અંદરુની તણાવ ચરમસીમાએ છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (CA) અને તેના દિગ્ગજ ખેલાડીઓ વચ્ચે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. બિગ બેશ લીગ (BBL) ના આયોજન અને શેડ્યૂલની સમસ્યાઓ વચ્ચે હવે ખેલાડીઓના અસંતોષે બોર્ડની ચિંતામાં વધારો કર્યો છે. તાજેતરના અહેવાલો મુજબ, ઓસ્ટ્રેલિયાના ૫ જેટલા સીનિયર ખેલાડીઓએ નવા નેશનલ કોન્ટ્રાક્ટ પર હસ્તાક્ષર કરવાનો ઈનકાર કરી દીધો છે. ખેલાડીઓ કોન્ટ્રાક્ટમાં મળતી રકમથી ખુશ નથી. તેમની મુખ્ય માંગ એ છે કે તેમને વિદેશી T20 લીગ (જેમ કે IPL, SA20, ILT20) માં રમવા માટે વધુ આઝાદી અને સરળતાથી NOC (અનાપત્તિ પ્રમાણપત્ર) આપવામાં આવે.

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે કેપ્ટન પેટ કમિન્સને ૩ વર્ષ માટે અંદાજે ૧૨ મિલિયન ડોલરનો વિશાળ કોન્ટ્રાક્ટ ઓફર કરવામાં આવ્યો છે. કમિન્સને આટલી મોટી રકમની ઓફર મળતા અન્ય ખેલાડીઓમાં નારાજગી વધી છે. તેમનું માનવું છે કે ફ્રેન્ચાઈઝી ક્રિકેટની સરખામણીએ તેમના નેશનલ કોન્ટ્રાક્ટનો પગાર હવે ઘણો ઓછો છે.

## વર્ષો સુધી સાથ આપ્યો તેની જ પીઠમાં કોંગ્રેસે છરો ભોંક્યો : વડાપ્રધાન મોદીના કોંગ્રેસ પર આકરા પ્રહાર

### કોંગ્રેસ ચૂંટણી હાર માટે આખી દુનિયાને દોષી ઠેરવે છે અને આ બધું તેના અહંકારને કારણે છે : વડાપ્રધાન મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે બેંગલુરુમાં સભા ગજવી જેમાં તેમને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા.

વડાપ્રધાન મોદીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ ચૂંટણી હાર માટે આખી દુનિયાને દોષી ઠેરવે છે અને આ બધું તેના અહંકારને કારણે છે.

કોંગ્રેસ પાર્ટીએ તમિલનાડુમાં પોતાના સહયોગી DMKને પણ છેતર્યા છે. જ્યાં એક તરફ ભાજપ ચૂંટણીમાં જીત મેળવી રહ્યો છે, ત્યાં બીજી તરફ કોંગ્રેસ (જેની પાસે લગભગ ૪૦ વર્ષ પહેલા ૪૦૦થી વધુ બેઠકો હતી) છેલ્લા ત્રણ લોકસભા ચૂંટણીમાં ૧૦૦ બેઠકોનો આંકડો પણ પાર કરી શકી નથી. તેમ છતાં કોંગ્રેસ અને તેના સમર્થકોનો અહંકાર એટલો વધારે છે કે તેઓ પોતાની હાર માટે આખી દુનિયાને દોષી ઠેરવે છે.

બેંગલુરુમાં HAL એરપોર્ટ પાસે આયોજિત જનસભામાં વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર તીખો હુમલો કર્યો હતો, કહ્યું કે, તેઓ બંધારણ, લોકશાહી, બંધારણીય સંસ્થાઓ અને કોર્ટને દોષી ઠેરવે છે. મારી રાજકીય કારકિર્દીમાં મેં ક્યારેય કોઈ મુખ્ય પ્રવાહની રાજકીય પાર્ટીને આવું વર્તન કરતા જોઈ નથી. તેઓ હારમાં એટલા ઊંડા ડૂબી ગયા છે કે તેમની પાસે



અભદ્ર ભાષાનો ઉપયોગ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નથી.ભાજપ સરકારો માટે લોકોનું કલ્યાણ જ સર્વસ્વ છે. ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. અમારો નારો સૌનું કલ્યાણ છે અને અમારું મોડેલ સુશાસન છે. આ જ કારણ છે કે લોકો ભાજપને બીજી અને ત્રીજી વાર પણ પોતાની સેવા કરવાની તક આપી રહ્યા છે.

તેમણે કહ્યું કે કેન્દ્રમાં કોંગ્રેસના નેતૃત્વવાળી સરકાર દ્રમુકના સમર્થનથી જ ચાલી શકી હતી. પરંતુ શું થયું? આટલા લાંબા સમયથી ચાલી રહેલા સંબંધો હોવા છતાં અને DMK હંમેશા કોંગ્રેસ પાર્ટીના હિતમાં કામ કરતી હોવા છતાં, જેવું સત્તાનું પલડું બદલાયું, કોંગ્રેસે તક મળતા જ DMKની પીઠમાં છરો ભોંકી દીધો.

પીએમ મોદીએ કહ્યું કે, તેલંગાણામાં પણ એવી સ્થિતિ છે કે ખેડૂતોને આત્મહત્યા કરવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે. જ્યાં પણ કોંગ્રેસ સત્તામાં હોય છે, ત્યાં કાં તો તુષ્ટિકરણનું રાજકારણ કરવા માટે સરકારી તિજોરી લૂંટવામાં આવે છે અથવા લૂંટેલા પૈસાને લઈને અંદરોઅંદર ઝઘડો થાય છે.

કોંગ્રેસની ઓળખ એક છેતરપિંડી કરનારી પાર્ટી તરીકે બની ગઈ છે અને તેથી જ, જ્યારે પણ તેને તક મળે છે, ત્યારે તે પોતાના જ નેતાઓને છેતરે છે. એટલે જ કહેવાય છે કે એવું કોઈ નથી જેને કોંગ્રેસે છેતર્યા ન હોય. તમિલનાડુમાં કોંગ્રેસના ડીએમકે સાથે ૩૦ વર્ષથી મજબૂત સંબંધો હતા. ડીએમકે સાથેના ગઠબંધનને કારણે જ કોંગ્રેસ સત્તામાં ટકી રહી હતી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

## બેંગલુરુમાંમોદીના કાર્યક્રમ સ્થળથી ૩ કિ.મી. દૂર વિસ્ફોટકો મળતા હડકંપઃ એક શંકાસ્પદની અટકાયત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બેંગલુરુ મુલાકાત દરમિયાન સુરક્ષા વ્યવસ્થામાં ત્યારે ફાળ પડી, જ્યારે તેમના રૂટ પાસે જીલેટિનની સ્ટીક્સ મળી આવી હતી. આ અત્યંત વિસ્ફોટક હોય છે. આ ઘટના બેંગલુરુના બહારના વિસ્તાર કનકપુરા રોડની છે, જ્યાંથી વડાપ્રધાન એક કાર્યક્રમમાં સામેલ થવા માટે પસાર થવાના હતા. પોલીસે આ મામલે તરત જ એક્શન લેતા એક શંકાસ્પદ વ્યક્તિને કસ્ટડીમાં લીધો છે, જેની ગુપ્ત સ્થળે પૂછપરછ કરવામાં આવી રહી છે. આ જપ્તી બાદ સુરક્ષા એજન્સીઓએ સમગ્ર વિસ્તારની ઘેરાબંદી કરી દીધી અને વડાપ્રધાનના રૂટની સુરક્ષા વધુ કડક બનાવી દેવામાં આવી છે.

ઘટના રવિવારે સવારની છે જ્યારે બેંગલુરુના કગ્ગલીપુરા વિસ્તાર પાસે થાથાગુનીમાં સુરક્ષા તપાસ દરમિયાન પોલીસને જીલેટિનની સ્ટીક્સ મળી આવી હતી. આ સ્થળ 'આર્ટ ઓફ લિવિંગ' કેન્દ્ર તરફ જતા માર્ગની અત્યંત નજીક છે, જ્યાં વડાપ્રધાનનો કાર્યક્રમ નક્કી હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, જીલેટિન સ્ટિક્સ એક પુલ પાસે કમ્પાઉન્ડ વોલની કિનારે ફેંકવામાં આવી હતી. જેવી વિસ્ફોટક મળવાની માહિતી મળી, બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડને ઘટનાસ્થળે બોલાવવામાં આવ્યા હતા. શરૂઆતી તપાસમાં એ સ્પષ્ટ થયું કે, વિસ્ફોટક સામગ્રી વડાપ્રધાનના કાફલાના પસાર થતા પહેલા જ મળી ગઈ હતી, જેનાથી એક મોટો સંભવિત ખતરો ટળી ગયો હતો. આ આખા ઘટનાક્રમની શરૂઆત ત્યારે થઈ જ્યારે એક અજ્ઞાત વ્યક્તિએ વહેલી સવારે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફોન કર્યો હતો. શંકાસ્પદે પોલીસને ચેતવણી આપી કે, HAL એરપોર્ટ અને આર્ટ ઓફ લિવિંગ સેન્ટર પાસે ધડાકા થઈ શકે છે. આ ધમકીભર્યા કોલ બાદ સુરક્ષા એજન્સીઓ તરત જ સક્રિય થઈ અને જણાવેલા સ્થળો પર સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, HAL એરપોર્ટ પાસે કંઈ પણ શંકાસ્પદ મળ્યું નહીં, પરંતુ કનકપુરા રોડ પર જીલેટિન સ્ટિક્સ મળી આવ્યા બાદ પોલીસે મોબાઈલ લોકેશનના આધારે શંકાસ્પદને કોરામંગલા વિસ્તારના એક ઘરમાંથી ઝડપી લીધો હતો.

પકડાયેલા વ્યક્તિની પૂછપરછ દરમિયાન ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે. તપાસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ વ્યક્તિએ પહેલા પણ બેંગલુરુમાં VIP મુલાકાતો દરમિયાન આ પ્રકારના ધમકીભર્યા કોલ કર્યા હતા. પાછલા કિસ્સાઓમાં, પોલીસે તેને કસ્ટડીમાં લીધો હતો, પરંતુ તેની માનસિક સ્થિતિ ઠીક ન હોવાને કારણે તેને ચેતવણી આપીને છોડી દેવામાં આવ્યો હતો. જોકે, આ વખતે મામલો વધુ ગંભીર છે કારણ કે માત્ર ધમકી નહોતી આપવામાં આવી, પરંતુ વાસ્તવિક વિસ્ફોટક સામગ્રી પણ મળી આવી છે. પોલીસ હવે એ વાતની તપાસ કરી રહી છે કે શું તે કોઈના ઈશારે કામ કરી રહ્યો હતો કે પછી આ તેની અંગત હરકત હતી. પોલીસના વરિષ્ઠ અધિકારીઓ, જેમાં DCP સ્તરના અધિકારીઓ સામેલ છે, હાલમાં શંકાસ્પદ અને તેના માતા-પિતાની પૂછપરછ કરી રહ્યા છે. તપાસનું મુખ્ય કેન્દ્ર એ છે કે તે વ્યક્તિ પાસે જીલેટિન સ્ટિક્સ ક્યાંથી આવી અને તેને ત્યાં રાખવા પાછળનો અસલી હેતુ શું હતો.

પોલીસ આ પાસા પર પણ ધ્યાન આપી રહી છે કે, શું આ આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના વિરોધીઓનું કોઈ કાવતરું તો નથી ને.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### ધર્મભૂમિ પર ધર્મભક્તિ, દેશભક્તિ, સૈન્યશક્તિનો સંગમ

# સોમનાથ મંદિર પર એરફોર્સની ટીમ દ્વારા ૧૧મીએ સવારે ૧૧ કલાકે "સૂર્યકિરણનો શૌર્યાભિષેક", દિલધડક એર શો



સોમનાથ મંદિરના પુનઃ નિર્માણના ૭૫ વર્ષ નિમિત્તે "સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬"ની ભવ્ય ઉજવણી થઈ રહી છે. આ અવસરે ભારતીય વાયુસેનાની સુપ્રસિદ્ધ 'સૂર્યકિરણ એરોબેટિક ટીમ' (SKAT) દ્વારા ૧૧ મેના રોજ મંદિરના આકાશમાં અદભૂત હવાઈ કરતબોનું નિદર્શન કરવામાં આવશે. આજે સવારે જ્યારે સૂર્યકિરણની ટીમ દ્વારા રિહર્સલ કરવામાં આવ્યું ત્યારે પાયલટોના સાહસભર્યા ઉડાનો જોઈને હાજર લોકો દંગ રહી ગયા હતા અને હર્ષનાદ સાથે એરફોર્સના પાયલટને વધાવી લીધા હતા.

સૂર્યકિરણ ટીમના વિંગ કમાન્ડર શ્રી જનમીત શર્મા તરફથી મળતી માહિતી મુજબ, ભારતીય વાયુસેનાના એમ્બેસેડર તરીકે ઓળખાતી સૂર્યકિરણ ટીમ લાલ અને સફેદ રંગના હોક એમ.કે.-૧૩૨ (Hawk Mk-132) જેટ એરક્રાફ્ટ દ્વારા આકાશમાં વિવિધ સિંક્રનાઈઝ્ડ ફોર્મેશન અને સાહસિક દાવપેચ રજૂ કરશે. આ એરોબેટિક શો અંદાજે ૧૫ મિનિટ સુધી ચાલશે, જેમાં પાઈલટો એકબીજા જેટની અત્યંત નજીકથી ફાઈટર પ્લેન ઉડાડવાની પોતાની ક્ષમતાનું પ્રદર્શન કરશે. જામનગર એરફોર્સ સ્ટેશનથી ઉડાન ભરીને આ ટીમ માત્ર ૧૮ મિનિટમાં સોમનાથના આકાશમાં પહોંચશે. જામનગરથી સોમનાથનું હવાઈ અંતર અંદાજે ૧૮૨ કિમી જેટલું છે.

ગ્રુપ કેપ્ટન અજય દશરથીના નેતૃત્વમાં ૧૩ કુશળ પાઈલટોની ટીમ આ પ્રદર્શન કરશે. આ પ્રદર્શનના સુરક્ષિત સંચાલન માટે જામનગર એરફોર્સ સ્ટેશનના ૨૫થી ૩૦ એર વોરિયર્સની ટીમ મેદાનમાં તૈનાત રહેશે. આ ટીમ દ્વારા ફ્લાયપાસ્ટ કંટ્રોલ, એવિએશન સેફ્ટી, બર્ડ હેઝાર્ડ કંટ્રોલ, હવામાન વિભાગ અને સિગ્નલ કમ્યુનિકેશનની જવાબદારી સંભાળવામાં આવશે.

વર્ષ ૧૯૯૬માં સ્થપાયેલી સૂર્યકિરણ ટીમ અત્યાર સુધીમાં ભારતમાં ૮૦૦થી વધુ એર ડિસ્પ્લે કરી ચૂકી છે. આ ઉપરાંત ચીન, શ્રીલંકા, મ્યાનમાર, થાઈલેન્ડ, સિંગાપોર અને યુ.એ.ઈ. જેવા દેશોમાં પણ ભારતીય વાયુસેનાનું પ્રતિનિધિત્વ કરી વૈશ્વિક પ્રશંસા મેળવી છે. આ ટીમના હોક એમ.કે.-૧૩૨ વિમાનો ભારતમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા બનાવવામાં આવ્યા છે.

આ વખતે પ્રદર્શનમાં મુખ્ય આકર્ષણ સ્વદેશી ટેકનોલોજીથી બનેલા સ્મોક પોડ્સ રહેશે. વાયુસેનાના નાસિક સ્થિત બેઝ રિપેર ડેપો દ્વારા વિકસાવવામાં આવેલા આ પોડ્સની મદદથી વિમાનો આકાશમાં કેસરી, સફેદ અને લીલા રંગનો ધુમાડો છોડીને ભારતીય ત્રિરંગાની પ્રતિકૃતિ બનાવશે. 'સદૈવ સર્વોત્તમ'ના મુદ્રાલેખ સાથે કાર્યરત આ ટીમના પાઈલટો પાંચ મીટરથી પણ ઓછા અંતરે વિમાનો ઉડાડીને શિસ્ત અને સમન્વયનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડશે.

આજે જ્યારે સૂર્યકિરણ એરોબિક્સ ટીમ દ્વારા સોમનાથ મંદિર પર હવાઈ કરતબોનું રિહર્સલ કરવામાં આવ્યું ત્યારે ધર્મભૂમિ પર ધર્મભક્તિ, દેશભક્તિ સાથે સૈન્ય શક્તિનો સંગમ સર્જાયો હતો.

સોમનાથ મંદિર પર ૧૧મી મેએ સવારે એરફોર્સના ચેતક હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરાશે

"સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬" અવસરે સોમનાથના પવિત્ર જ્યોતિર્લિંગ મંદિર પર એરફોર્સના ચેતક હેલિકોપ્ટર દ્વારા વિશેષ પુષ્પવર્ષા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત હેલિકોપ્ટર આકાશમાંથી મંદિર પરિસરમાં પુષ્પોની વર્ષા કરીને આસ્થા અને શૌર્યનો સંગમ રચશે.

આ પુષ્પવર્ષા મિશન માટે ચેતક હેલિકોપ્ટર જામનગરના એરફોર્સ સ્ટેશન પરથી ઉડાન ભરશે અને સોમનાથ મંદિર પહોંચીને પુષ્પવર્ષા કરશે. આ હેલિકોપ્ટર યુનિટ માત્ર આવા ઔપચારિક કાર્યક્રમો પૂરતું મર્યાદિત નથી, પરંતુ નાગરિકો માટે સર્ચ એન્ડ રેસ્ક્યુ, તબીબી સ્થળાંતર અને આપત્તિ રાહત કામગીરીમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. આ હેલિકોપ્ટર દ્વારા ગઈકાલે તથા આજે સોમનાથ મંદિર પર પુષ્પવર્ષાનું રિહર્સલ કરવામાં આવ્યું હતું.

આ યુનિટ દ્વારા અગાઉ એકતા દિવસ નિમિત્તે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પણ ગૌરવપૂર્વક રીતે પુષ્પવર્ષા કરવામાં આવી છે, જે રાષ્ટ્રીય એકતાની ભાવનાને સન્માનિત કરે છે. આમ, જામનગર એરફોર્સનું આ યુનિટ સંરક્ષણની સાથે સાથે સામાજિક અને સાંસ્કૃતિક મહત્વ ધરાવતા પ્રસંગોમાં પણ પોતાનું યોગદાન આપી રહ્યું છે. - સંદીપ

### અમદાવાદ મંડળના રેલવે કર્મચારીએ પ્રસ્તુત કર્યું ઈમાનદારીનું ઉદાહરણ, યાત્રીની ખોવાયેલી સોનાની વીંટી શોધીને પરત કરી



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના રેલવે કર્મચારીઓએ ફરી એક વાર પોતાની ઈમાનદારી અને કર્તવ્યનિષ્ઠાથી માનવતાનો પરિચય આપ્યો છે. આ જ ક્રમમાં ટ્રેન નંબર ૦૯૦૩૭ બાન્દ્રા ટર્મિનસ-ભુજ સ્પેશિયલના કોચ નંબર મ૮ માં યાત્રા કરી રહેલા એક યાત્રીની સોનાની વીંટી અચાનક ટોયલેટનના ડ્રેનેજમાં પડી ગઈ, જેનાથી યાત્રી અત્યંત ચિંતિત અને વ્યાકુળ થઈ ગયા હતા. જેવી જ ટ્રેન અમદાવાદ સ્ટેશન પર પહોંચી, શ્રી સંજય યાદવ, સીનિયર સેક્શન એન્જિનિયર (C&W) અને અન્ય સુપરવાઈઝરો અને CTS (ક્લીન ટ્રેન સ્ટેશન) સ્ટાફ શ્રી વીરેન્દ્ર કુમાર સિંહે તરત જ પોતાની જવાબદારી સંભાળી.

પાઈપલાઈન અને ગંદકી વચ્ચે નાનકડી વીંટીને શોધવી એક મોટો પડકાર હતો, પરંતુ રેલવેની આ ટીમે હાર ના માની. ખૂબ મહેનત, ધૈર્ય અને અથાક પ્રયત્ન પછી ટીમે સફળતાપૂર્વક તે સોનાની વીંટીને શોધી કાઢી. આ કામ ફક્ત પોતાની ફરજ પૂરી કરવા સુધી મર્યાદિત નહોતું, પરંતુ આ રેલવે કર્મચારીઓની સંવેદનશીલતા અને યાત્રીના વિશ્વાસ પ્રત્યે તેમની પ્રતિબદ્ધતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

શ્રી સંજય યાદવ અને વીરેન્દ્ર કુમાર સિંહની આ ઈમાનદારી અને તત્પરતાએ ફકત એક યાત્રીની કીમતી થાપણને સુરક્ષિત પરત જ નથી કરી, પરંતુ સમાજમાં ભારતીય રેલવેની છબીને અત્યંત વધારે ગૌરવવંતી પણ કરી છે.

### વડાપ્રધાનશ્રી હેલિપેડથી વીર હમીરજી સર્કલ સુધી રોડ શોમાં જનતાનું અભિવાદન ઝીલશે

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આજે સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬માં સહભાગી થશે

સોમનાથ વિરાસતના ૭૫ વર્ષની ઉજવણીના અવસરે આયોજિત "સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬"માં સહભાગી થવા વડાપ્રધાન તથા સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૧૧મી મેના રોજ એટલે કે આવતીકાલના રોજ વેરાવળ પધારી રહ્યા છે.

આ તકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી પણ વડાપ્રધાનશ્રી આ પર્વની ઉજવણીમાં સાથે જોડાશે.

વડાપ્રધાનશ્રી આવતીકાલ સવારે હવાઈ માર્ગે જામનગરથી સોમનાથ આવશે. અહીં હેલિપેડ પર ઉતર્યા બાદ તેઓ વીર હમીરજી ગોહિલજી સર્કલ સુધી રોડ શોમાં જનતાનું અભિવાદન ઝીલશે.

રોડ શો બાદ વડાપ્રધાનશ્રી સોમનાથ પરિસર ખાતે પધારશે. અહીં વડાપ્રધાન શ્રી સોમનાથ મંદિર પુનઃ નિર્માણના સ્વપ્ન દ્રષ્ટા સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરશે.

વડાપ્રધાનશ્રી મંદિરમાં સોમનાથ મહાદેવની વિશેષ પૂજા કરશે અને જન-જનની સુખાકારી અને દેશની પ્રગતિ માટે પ્રાર્થના કરશે.

આ અવસરે વડાપ્રધાનશ્રી સોમનાથ મંદિર પર કુંભાભિષેક તેમજ ધ્વજારોહણ પણ કરાવશે.

એ પછી ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એક્રોબેટિક્સ ટીમ દ્વારા સોમનાથના નભમાં દિલધડક એર શો યોજાશે.

મંદિરમાં પૂજા-અર્ચના કર્યા બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સદભાવના ગ્રાઉન્ડ ખાતે જનસભાને સંબોધિત કરશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સભામાં સોમનાથ મંદિરની પ્રતિકૃતિ અંકિત વિશેષ સ્મારક ડાક ટિકિટ તેમજ રૂ. ૭૫ના વિશેષ સ્મારક સિક્કાનું વિમોચન કરશે.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વડાપ્રધાનશ્રીના આ કાર્યક્રમને લઈને સંપૂર્ણ તૈયારીઓ કરી લેવામાં આવી છે. વેરાવળ સહિત સમગ્ર રાજ્યની જનતા વડાપ્રધાનશ્રીને આ અવસરે આવકારવા માટે આતુર છે.

### ભાજપને રોકવા ડાબેરીઓ સાથે મિલાવશે હાથ!

# બંગાળમાં ભાજપ સામે ભૂંડી હાર બાદ મમતાના મિજાજ ઢીલાં પડ્યાં

### ૧૯૭૦ અને ૮૦ના દાયકામાં મમતા બેનર્જી એક આક્રમક યુવા નેતા તરીકે ઉભરી આવ્યા હતા, જેમની રાજનીતિનો પાયો જ ડાબેરીઓના વિરોધ પર હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, જેમણે ૩૪ વર્ષ જૂના વામપંથી (ડાબેરી) કિલ્લાને ધ્વસ્ત કરીને સત્તા મેળવી હતી, હવે તેમના જ સુર બદલાયા છે. વિધાનસભા ચૂંટણીમાં મળેલી જોરદાર ટક્કર બાદ, મમતા બેનર્જીએ ભાજપને રોકવા માટે હવે ડાબેરીઓ અને ધુર-ડાબેરીઓ સાથે પણ હાથ મિલાવવાની તૈયારી દર્શાવી છે.

૧૯૭૦ અને ૮૦ના દાયકામાં મમતા બેનર્જી એક આક્રમક યુવા નેતા તરીકે ઉભરી આવ્યા હતા, જેમની રાજનીતિનો પાયો જ ડાબેરીઓના વિરોધ પર હતો. સિંગૂર અને નંદીગ્રામ આંદોલન બાદ ૨૦૧૧માં તેમણે માં, માટી, માનુષના નારા સાથે બુદ્ધદેવ ભટ્ટાચાર્યની સરકારને ઉખેડી ફેંકી હતી. છેલ્લા એક દાયકામાં બંગાળમાં ડાબેરીઓ હાંસિયામાં ધકેલાયા છે અને ભાજપ મુખ્ય વિરોધ પક્ષ તરીકે ઉભરી આવ્યું છે.

મમતા બેનર્જી હવે અનુભવી રહ્યા છે કે, મતોનું વિભાજન અંતે ભાજપને ફાયદો કરાવે છે. તેમણે સ્પષ્ટ સંકેત આપ્યા છે કે રાષ્ટ્રીય સ્તરે વિપક્ષી એકતા અનિવાર્ય છે. દેશ અને બિનસાંપ્રદાયિકતા બચાવવા માટે તમામ બિન-ભાજપી શક્તિઓએ સાથે આવવું પડશે. આ માટે તેઓ પોતાના કટ્ટર હરીફ એવા ડાબેરીઓ સાથે મંચ વહેંચવા પણ તૈયાર છે. આ સંભવિત ગઠબંધન સામે સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું વર્ષોથી એકબીજા સામે લડતા પક્ષના કાર્યકરો એક થઈ શકશે? બંગાળના ગામડાઓમાં TMC અને ડાબેરી કાર્યકરો વચ્ચે ખૂની સંઘર્ષનો ઈતિહાસ રહ્યો છે. CPIM ના નેતાઓ હજુ પણ મમતા બેનર્જી પર ભાજપને બંગાળમાં પગપેસારો કરવા દેવાનો આરોપ લગાવે છે. ૨૦૨૬ની ચૂંટણી પહેલા બંગાળનું રાજકારણ એક અજીબ વળાંક લઈ રહ્યું છે. જો તૃણમૂલ અને લાલ સિતારો (ડાબેરીઓ) એક થશે, તો તે ભારતીય લોકશાહીનું સૌથી વિરોધાભાસી ગઠબંધન ગણાશે.

# હિમંતા બિસ્વા સરમા ફરી સંભાળશે અસમની કમાન: ૧૨ મેએ લેશે CM પદની શપથ

### અસમ ભાજપ વિધાનસભા પક્ષની એક બેઠક બોલાવવામાં આવી હતી, જ્યાં નેતાની ઔપચારિક પસંદગી કરવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)દીસપુર

હિંમત બિસ્વા સરમા અસમના આગામી મુખ્યમંત્રી હશે. ભાજપ વિધાનસભા પક્ષની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જેપી નડ્ડાએ હિમંત બિસ્વાના નામની જાહેરાત કરી. હિમંત બિસ્વા સરમા ૧૨ મેના રોજ સવારે ૧૧ વાગ્યે બીજી વખત અસમના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે.

ભાજપે ધારાસભ્ય પક્ષના નેતાની પસંદગી માટે પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીને નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા હતા. અસમ ભાજપ વિધાનસભા પક્ષની એક બેઠક બોલાવવામાં આવી હતી, જ્યાં નેતાની ઔપચારિક પસંદગી કરવામાં આવી હતી. હિમંત બિસ્વા સરમા એ ૬ મેના રોજ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેઓ હાલમાં કાર્યકારી મુખ્યમંત્રી તરીકે સેવા આપી રહ્યા હતા. હવે, નવી સરકારની રચના સાથે, તેઓ સતત બીજી વખત મુખ્યમંત્રી બનવાના છે.

ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએએ ૪ મેના રોજ જાહેર થયેલા આસામ વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં જંગી વિજય મેળવ્યો. ભાજપે શાનદાર પ્રદર્શન કર્યું, ૧૨૬ બેઠકોવાળી વિધાનસભામાં ૮૨ બેઠકો જીતી. કોંગ્રેસે માત્ર ૧૯ બેઠકો જીતી, BOPF ૧૦, જ્યારે AGP ૧૦ બેઠકો જીતી અને AIUDF બે બેઠકો જીતી. આસામમાં બહુમતીનો આંકડો ૬૪ બેઠકોનો છે. ભાજપે પોતાના દમ પર બહુમતીથી વધુ બેઠકો જીતી છે.

અસમ રાજકારણમાં એક અગ્રણી વ્યક્તિ, હિમંતા બિસ્વા સરમાએ પોતાની કારકિર્દીની શરૂઆત એક ફાયરબ્રાન્ડ વિદ્યાર્થી નેતા તરીકે કરી હતી. ત્યારબાદ તેમણે ૨૦૦૧ થી ૨૦૧૫ સુધી તરુણ ગોગોઈના નેતૃત્વ હેઠળની કોંગ્રેસ સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે સેવા આપી હતી. ૨૦૧૫ માં ભાજપમાં જોડાયા પછી, હિમંતાએ ૨૦૧૬ ની આસામ વિધાનસભા ચૂંટણીમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ ૨૦૨૧ ની આસામ ચૂંટણીમાં ભાજપની જંગી જીત સાથે તેઓ આસામના મુખ્યમંત્રી બન્યા અને ૨૦૨૬ માં ભાજપની જીત સાથે બીજા કાર્યકાળ માટે મુખ્યમંત્રી બનવાની તૈયારીમાં છે.

આસામમાં શપથ ગ્રહણ સમારોહ ૧૨ મેના રોજ સવારે ૧૧ વાગ્યે ગુવાહાટીના ખાનપારા વેટરનરી કોલેજ ફિલ્ડમાં યોજાવાની ધારણા છે. આ કાર્યક્રમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને ભાજપના અનેક વરિષ્ઠ નેતાઓ હાજરી આપે તેવી શક્યતા છે. દેશભરના આશરે ૨૨ રાજ્યોના મુખ્યમંત્રીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. ભાજપ પહેલી વાર ૨૦૧૬માં આસામમાં સત્તામાં આવ્યું હતું, જેમાં સર્બાનંદ સોનોવાલ મુખ્યમંત્રી બન્યા હતા. ત્યારબાદ, ૨૦૨૧માં હિમંત બિસ્વા શર્માએ મુખ્યમંત્રી પદ સંભાળ્યું હતું. હવે, ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ફરી એકવાર પ્રચંડ જીત મેળવી છે.

### તમામ મુસાફરો સુરક્ષિત!

# મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર સુપ્રિયા સુલેની કાર અકસ્માતનો ભોગ બની

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

રાષ્ટ્રવાદી શરદ પવારના સાંસદ સુપ્રિયા સુલેની કારનો અકસ્માત થયો છે. મુંબઈ-પુણે રોડ પર આ અકસ્માત થયો હોવાનું જાણવા મળ્યું છે. સુપ્રિયા સુળેએ માહિતી આપી છે કે કારમાં સવાર દરેક વ્યક્તિ સુરક્ષિત છે. આ પછી, તેમણે રસ્તા પર વાહન ચલાવતી વખતે સાવચેત રહેવાની અપીલ કરી છે. જે માહિતી સામે આવી છે તે મુજબ, પાછળથી આવતી એક કારે, સાંસદ સુપ્રિયા સુલેની કારને ટક્કર મારી હોવાનું જાણવા મળ્યું છે. સદનસીબે, કારમાં સવાર મુસાફરો સુરક્ષિત છે. આ અકસ્માત વિશે માહિતી આપતા સુપ્રિયા સુલેએ કહ્યું કે આજે પુણેથી મુંબઈ જતી વખતે મને હાઈવે પર ખૂબ જ દુખદ અનુભવ થયો. વાહન નંબર GJ 13 CF 5257 એ મારી કારને બાજુથી જોરથી ટક્કર મારી. સદનસીબે, સૌ કોઈ સુરક્ષિત છે. વધુમાં સુપ્રિયા સુલેએ કહ્યું કે આવી ઘટનાઓ આપણને યાદ અપાવે છે કે રસ્તાઓ પર વધારે ઝડપે અને બેદરકારીથી વાહન ચલાવવું અનેક લોકોના જીવ માટે જોખમકારક બની શકે છે. હું સૌને અપીલ કરું છું કે સીટ બેલ્ટનો ઉપયોગ કરવો, સાવચેત રહો અને જવાબદારીપૂર્વક વાહન ચલાવવી. મુંબઈ પુણે હાઈવે પર ઘણી વખત અકસ્માતો થાય છે. ઘણી વાર મોટી જાનહાનિ પણ થાય છે. ઘણી વાર આવા અકસ્માતો ટ્રાફિક નિયમોનું પાલન ન કરવાને કારણે થાય છે. તેથી જ આ અકસ્માત પછી સુપ્રિયા સુલેએ હવે વાહનો ધીમે ચલાવવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરવાની અપીલ કરી છે. આ અકસ્માતમાં સુપ્રિયા સુલેની કારને થોડું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. અકોલા-પાતુર રોડ પર મધરાત્રી દરમિયાન એક જીવલેણ અકસ્માત થયો હતો અને એક અજાણ્યા વાહને બાઈકને પાછળથી ટક્કર મારી હતી. જેમાં એક યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું અને બીજાને ગંભીર ઈજા થઈ હતી. બંને યુવકો અકોલા-પાતુર રોડ પર આવેલી દિલ્હી દરબાર હોટેલમાં રાત્રિભોજન કર્યા પછી બાઈક પર અકોલા પરત ફરી રહ્યા હતા. આ સમયે પાછળથી ઝડપથી આવતા એક અજાણ્યા વાહને તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે એકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું. જ્યારે બીજાને ગંભીર ઈજા થઈ હતી. અકસ્માત બાદ ઘાયલ વ્યક્તિને તાત્કાલિક સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

### એક પુરાવાએ આખી તપાસ પલટી નાખી

# સુવેન્દુ અધિકારીના PAની હત્યામાં બીજા રાજ્યનું કનેક્શન

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળના CM શુભેન્દુ અધિકારીના PA ચંદ્રનાથ રથની હત્યામાં ઝારખંડના ધનબાદ સાથે જોડાયેલું કનેક્શન સામે આવ્યું છે. હત્યારાઓએ ગુનામાં ઉપયોગમાં લીધેલી બાઈક પર ધનબાદના કર્મચારી વિભાષ ભટ્ટાચાર્યની બાઈકનો નકલી નંબર લગાવ્યો હતો. આ દરમિયાન, વિભાષ ભટ્ટાચાર્યના ઘટના સમયના CCTV ફૂટેજ સામે આવતા તેમને ક્લીન ચિટ મળી ગઈ છે. જણાવી દઈએ કે, ચૂંટણી પરિણામો બાદ તરત જ થયેલી આ હાઈ પ્રોફાઈલ હત્યા કેસની તપાસ માટે રચાયેલી બંગાળ પોલીસની SIT ટીમ ગઈકાલે રાત્રે તપાસ માટે ધનબાદ પહોંચી હતી. અહીં પોલીસ સ્ટેશનમાં લાંબા સમય સુધી પૂછપરછ કરવામાં આવી હતી, જેમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. ખુલાસો એ છે કે, હત્યારાઓએ ગુનામાં ઉપયોગમાં લીધેલી બાઈક પર નકલી નંબર લગાવ્યો હતો. હકીકતમાં, આ નંબર ધનબાદના એક કર્મચારી વિભાષ ભટ્ટાચાર્યની બાઈકનો ચોરવામાં આવ્યો હતો.

તપાસમાં ગુનેગારો દ્વારા ઉપયોગમાં લેવાયેલી બાઈકના નંબર JH... થી તેનું ઝારખંડ કનેક્શન બહાર આવ્યું. ગુનેગારોની બાઈકનો નંબર ધનબાદના વિભાષના નામે રજીસ્ટર્ડ છે. તપાસ આગળ વધી તો તેની કડી ધનબાદના પાથરડીહ સુધી પહોંચી.

ત્યારબાદ ખબર પડી કે, ગુનેગારોએ જે બાઈકનો ઉપયોગ કર્યો હતો; તે ધનબાદની ચાસ નાલા ઓફિસમાં તૈનાત બંગાળના વિભાષ ભટ્ટાચાર્યના નામે રજીસ્ટર્ડ છે. વિભાષ મૂળ બર્નપુર (બંગાળ) ના છે અને થોડા વર્ષો પહેલા તેમની બદલી થઈ હતી. આ પછી, શુક્રવારે રાત્રે બંગાળ પોલીસ ધનબાદ પહોંચી હતી. પાથરડીહ પોલીસ સ્ટેશનમાં કલાકો સુધી ચાલેલી પૂછપરછ બાદ ટીમે ભટ્ટાચાર્યના ઘરે બાઈકની ખરાઈ કરી હતી.

કર્મચારીએ સ્પષ્ટતા કરી હતી કે, ઘટના સમયે તેઓ ઓફિસમાં હતા. CCTV ફૂટેજ દ્વારા પણ આ સાબિત થઈ ગયું છે. તપાસમાં જાણવા મળ્યું છે કે, હત્યારાઓએ તેમની બાઈકનો નંબર બીજી બાઈક (અલગ મોડેલ અને રંગની) પર ચોંટાડી દીધો હતો.

### NUSIએ વ્યક્ત કરી ગંભીર ચિંતા

# હોર્મુઝમાં તણાવ વચ્ચે ૨૦૦૦૦ ભારતીય નાવિકો ફસાયા

### જો આ સંઘર્ષ વધુ વકરશે તો જહાજો અધવચ્ચે અટવાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષની સીધી અસર હવે ભારતીય નાવિકો પર જોવા મળી રહી છે. દેશના સૌથી જૂના મેરીટાઈમ યુનિયન નેશનલ યુનિયન ઓફ સીફેરર્સ ઓફ ઈન્ડિયા (NUSI) એ ચિંતા વ્યક્ત કરી છે કે, હોર્મુઝ સ્ટ્રેટમાં ૨૦,૦૦૦ થી વધુ ભારતીય નાવિકો જીવના જોખમે ફરજ બજાવી રહ્યા છે. NUSI ના જણાવ્યા અનુસાર, જો આ સંઘર્ષ વધુ વકરશે તો જહાજો અધવચ્ચે અટવાઈ શકે છે. આવી સ્થિતિમાં ક્રૂ મેમ્બર્સ પાસે ખોરાક અને દવાઓની તંગી સર્જાઈ શકે છે. મિસાઈલ અને ડ્રોન હુમલાનું જોખમ સતત તોળાઈ રહ્યું છે. સામાન્ય દરિયાઈ મુસાફરી હવે અત્યંત જોખમી સાબિત થઈ રહી છે. NUSI ના જનરલ સેક્રેટરી મિલિંદ કંદલગાંવકરે જણાવ્યું હતું કે, નાવિકોના પરિવારોમાં ગભરાટ ફેલાયો છે. દરરોજ સેંકડો ફોન કોલ્સ આવી રહ્યા છે. જેમાં સ્વજનોની સલામતી અંગે પૃચ્છા કરવામાં આવે છે. આ નાવિકો સૈનિકો નથી પણ સામાન્ય નાગરિકો છે, જે વૈશ્વિક વેપારને ચાલુ રાખવા માટે પોતાની સુરક્ષા સાથે બાંધછોડ કરી રહ્યા છે. NUSI એ ભારત સરકારને આ મુદ્દાને રાષ્ટ્રીય પ્રાથમિકતા ગણીને તાત્કાલિક અસરથી ઈવેક્યુએશન પ્રોટોકોલ (બચાવ કામગીરી) અમલી બનાવવા વિનંતી કરી છે. મોટાભાગના ભારતીય નાવિકો વિદેશી ધ્વજ ધરાવતા જહાજો પર કામ કરે છે, જેના કારણે જવાબદારી વીમા કંપનીઓ અને વિવિધ દેશો વચ્ચે વહેંચાયેલી હોય છે.

# લંડન જતાં અમદાવાદનો પરિવાર વિદેશમાં બંધક

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં રહેતા એક પરિવારને વિદેશમાં બંધક બન્યાની આશંકાએ ચકચાર મચાવી છે. કિરણભાઈ તેમના પત્ની વૈશાલીબેન અને બે પુત્રો સાથે લંડન જવા માટે નીકળ્યા હતા, પરંતુ હવે પરિવાર સાથેનો સંપર્ક તૂટી જતા અને ધમકીભર્યા ઓડિયો મેસેજ સામે આવતા મામલો ગંભીર બન્યો છે.મળતી માહિતી મુજબ, અપહરણકારો દ્વારા કિરણભાઈની પુત્રી શ્રેયાને અલગ અલગ પાંચ ઓડિયો ક્લિપ મોકલવામાં આવી છે. આ ઓડિયોમાં શ્રેયાની માતા વૈશાલીબેન રડતા રડતા પૈસા ચૂકવવા માટે આજીજી કરતા સાંભળાઈ રહ્યા છે. ઓડિયો મેસેજમાં તેઓ કહી રહ્યા છે કે ‘‘મકાન વેચીને ગમે તેમ કરીને પૈસા ચૂકવો, નહીં તો અમને મારી નાખશે.’’

પરિવાર સાથેનો છેલ્લો સંપર્ક ગયા અઠવાડિયે થયો હતો. તે દરમિયાન વૈશાલીબેને શ્રેયાને કહ્યું હતું કે આ તેમનો છેલ્લો ઓડિયો હોઈ શકે છે. આ ઓડિયો સામે આવ્યા બાદ પરિવારજનોમાં ભારે ચિંતા ફેલાઈ ગઈ છે.મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને ગોમતીપુર પોલીસે તપાસ શરૂ કરી છે. ઓડિયો ક્લિપના આધારે પરિવારનું લોકેશન અને સમગ્ર ઘટનાક્રમ અંગે માહિતી મેળવવાના પ્રયાસો હાથ ધરાયા છે. આ ઘટનાએ અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં ચિંતા ફેલાઈ છે. પોલીસ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ કરી રહી છે અને પરિવારને સુરક્ષિત પરત લાવવા પ્રયાસ તેજ કર્યા છે.

# ૧૫ ફૂટ લાંબા મગરના પેટમાંથી મળ્યો ગાયબ થયેલા હોટેલ માલિકનો મૃતદેહ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણે ઘણીવાર વાત વાતમાં બોલીએ છીએ કે તને આખે આખો ગળી જઈશ. તું શોધ્યો પણ નહીં જડે. આવું સામાન્ય રીતે આપણે સાંભળતા હોઈએ છીએ ત્યારે સાઉથ આફ્રિકામાં તો ૫૯ વર્ષના ગ્રેબિઅલ બતિસ્તા નામના હોટલ માલિક જે કેટલાય દિવસથી ગાયબ હતા.તેમની હોટલ પાસે આવેલી કોમાટી નામની નદીમાં પૂર આવ્યું એ પછીથી તેઓ ક્યાંય જોવા મળી રહ્યા ન હતા.

લોકોને લાગ્યુ હતું કે પૂરમાં તણાઈ ગયા હશે અથવા તો પાણીના વહેણ સાથે ક્યાંક દૂર પહોંચી ગયા હશે. પોલીસે ગ્રેબિઅલને શોધવા માટે આકાશ પાતાળ એક કરી લીધા. પણ ક્યાંય તેમનો પત્તો લાગ્યો નહીં. આખરે થોડા દિવસ પછી રેસ્ક્યુ ટીમ ને એક જાયન્ટ કદનો મગર જોવા મળ્યો. તે નદી કિનારે મળ્યો હતો. તેનું પેટ ફુલેલું હતું અને અંદરના વજનને કારણે સુસ્ત થઈને હલચલ કર્યા વગર એમ જ પડયો રહેતો હતો.

અને તેનું વર્તન સામાન્ય ન હોતું.તેને ડરાવવા છતાં તે હલતો નહોતો. તેનું પેટ જે રીતે ફુલેલું એ જોતાં રેસ્ક્યુ ટીમને શંકા ગઈ કે મગરભાઈ કદાચ આખેઆખા માણસને ગળી ગયા હોય એવું શક્ય છે. એ શંકાને આધારે રેસ્ક્યુ ટીમે વનઅધિકારીઓ પાસેથી તેને મારવાની પરવાનગી માંગી. પરવાનગી લઈને તેમણે નદી કિનારે હેલિકોપ્ટર ઉતાર્યુ. અને દોરડા સાથે મગરને બાંધીને એરલિફ્ટ કરી સુરક્ષિત જગ્યાએ લઈ ગયા.

મગરનું પેટ ફાડીને જોવામાં આવ્યુ તો તેમાંથી માણસના શરીરના કેટલાક ભાગો મળ્યા. હાથ, પાંસળીઓ અને પગના હાડકાં બે ભાગમાં છુટા થઈ ગયા હતા.

જોકે એક આંગળીમાં પહેરેલી વીંટીના આધારે રેસ્ક્યુ ટીમે એ મરનાર વ્યક્તિ હોટેલ માલિક ગ્રેબિઅલ જ હતો એવું પાકું કર્યુ. આજ મગરના પેટમાંથી છ જોડી જૂતા પણ મળ્યા હતા. આ જૂતાં કોના હતા એ ખબર નહોતી પડી. જો કે પ્રાણી નિષ્ણાંતોનું માનવું છે કે કદાચ આ પહેલાં પણ આ મગર માણસોને ગળીને પચાવી ગયો હોવો જોઈએ.



# દરેક રાજકીય પક્ષ મહિલા અનામત મુદ્દે મહિલાઓની જ અવગણના કરી રહ્યો છે

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત

દેશમાં જ્યારે પણ લોકસભા કે વિધાનસભા માટે ચૂંટણીઓ યોજાય છે ત્યારે પૂરતી સંખ્યામાં મહિલાઓને ટિકિટ આપવાની નિષ્ઠાવાન ઈચ્છાશક્તિનો અભાવ હોય છે તેનું કારણ શું છે? ઉલ્લેખનિય છે કે ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં તમામ પક્ષો દ્વારા ટિકિટ આપવામાં આવેલી મહિલાઓની સંખ્યા અને વિજેતાઓની સંખ્યા પોતે જ મહિલાઓની ભાગીદારી અંગે રાજકીય પક્ષોની ખોરી દાનત પર પ્રશ્ન ઉઠાવે છે.

સ્પષ્ટપણે લગભગ તમામ પક્ષોએ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતારવામાં ઓછો ઉત્સાહ દર્શાવ્યો. જોકે સંસદમાં સીમાંકન બિલ પસાર કરવામાં તાજેતરમાં નિષ્ફળતાના સંદર્ભમાં મહિલા અનામતનો મુદ્દો પણ ચૂંટણીનો મુદ્દો બની ગયો અને ભાજપે આ મુદ્દા પર વિરોધી પક્ષો પર આરોપોનો મારો કર્યો. પરંતુ વાસ્તવિકતા એ છે કે મહિલાઓને ભાગીદારી વધારવાના તેમના દાવાઓ છતાં ભાજપ સહિત તમામ પક્ષોમાં ટિકિટ આપવા અંગે ઈચ્છાશક્તિ નો અભાવ દેખાય છે. માત્ર ઔપચારિકતા ખાતર મહિલાને ટિકિટ આપવી એ તેમની જાહેરમાં વ્યક્ત કરાતી પ્રમાણિકતાને પ્રતિબિંબિત કરતું નથી.

હાલ કે કેન્દ્રમાં અને મોટાભાગના રાજ્યોમાં ભાજપની સરકાર છે અને તે પોતાને મહિલા અનામત બિલનું સૌથી મોટુ હામી ગણાવે છે ત્યારે તે પોતે તેનો અમલ વ્યવહારમાં કેમ કરતો નથી? જો તેણે હાલમાં જ પૂરી થયેલી વિધાનસભા ચૂંટણીઓમાં વધારે નહીં તો કમસેકમ ૩૩ ટકા ટિકિટો મહિલાઓને આપી હોત તો સમગ્ર દેશને અને ખાસ કરીને મહિલાઓને તો સો ટકા ખાતરી થાત કે ભાજપ ખરેખર તેમને પ્રતિનિધિત્વ આપવા માંગે છે. પરંતુ કમનસીબે આવું થયું નથી એ મોટી શરમજનક બાબત છે.

### સરકારી ઈમારતો, વિવિધ માર્ગો તથા સર્કલ્સ પરની રોશની થકી શહેરભરમાં દિવાળી જેવો માહોલ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના આગમનને વધાવવા જામનગર સજ્જ: રોશનીના અવનવા શણગારથી ઝળહળી ઉઠ્યું જામનગર

### ખ્યાતનામ કલાકાર શ્રી કીર્તિદાન ગઢવી દ્વારા લોક ડાયરાની પ્રસ્તુતી તથા ભાતીગળ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન



દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી તા. ૧૦ અને ૧૧ મે ના રોજ જામનગરની મુલાકાતે આવી રહ્યા છે, ત્યારે તેમના આગમનને વધાવવા માટે સમગ્ર શહેરને ભવ્ય રીતે શણગારવામાં આવ્યું છે. એરફોર્સ સ્ટેશનથી લઈ લાલ બંગલા સર્કલ સુધીના સમગ્ર રૂટને ઝળહળતી રોશનીથી સજાવવામાં આવ્યો છે. શહેરના મુખ્ય સ્થળો જેવા કે દરબારગઢ, ડી.કે.વી. કોલેજ, બેડી નાકુ, પવનચક્કી, અન્નપૂર્ણા સર્કલ તથા મહાકાળી સર્કલ ખાતે વિશેષ લાઈટિંગ અને અવનવી રોશની દ્વારા દિવાળી જેવો માહોલ ઊભો કરવામાં આવ્યો છે. આ સાથે જ દરેક મુખ્ય સર્કલ પર વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં અમલી બનેલી જન-ઉપયોગી યોજનાઓની સફર દર્શાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મનું નિદર્શન પણ યોજાઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે તા. ૧૦મીની રાત્રે અંદાજે ૦૭.૩૦ કલાકે લાલ બંગલા સર્કલ ખાતે વિશાળ જન અભિવાદન કાર્યક્રમનું આયોજન કરાયું છે જેમાં ગુજરાતના ખ્યાતનામ કલાકાર શ્રી કીર્તિદાન ગઢવી દ્વારા લોક ડાયરો પ્રસ્તુત કરવામાં આવશે.તથા સૌરાષ્ટ્રની રાસ મંડળીઓ દ્વારા હુડો રાસ, સિદી ધમાલ નૃત્ય, મણિયારો રાસ સહિતના પરંપરાગત લોકનૃત્યો તથા ખ્યાતનામ કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોની ભવ્ય પ્રસ્તુતિ પણ રજૂ કરવામાં આવશે.

### કેન્યાના ૪ ચિત્તા બનશે ગુજરાતના મહેમાન

# કેન્યાથી બે નર અને બે માદા ચિત્તા ગુજરાત લાવવામાં આવશે

## કચ્છના બન્નીમાં પુનઃવસવાટ માટેની તૈયારીઓ તેજ

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

ગુજરાતની ધરતી પર ચિત્તાની ઘરવાપસી માટે નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઑથોરિટી (NTCA)એ લીલીઝંડી આપતા હવે ટૂંક સમયમાં ચિત્તા ગુજરાતમાં જોવા મળશે. કચ્છના બન્ની ઘાસિયા વિસ્તારમાં ચિત્તાને લાવવામાં આવનાર હોવાની વાત ચાલી રહી છે. જેમાં ૨ નર અને ૨ માદા ચિત્તા જુલાઈ-ઓગસ્ટ સુધીમાં ગુજરાતની ધરતી પર પગ મૂકે તેવી શક્યતાઓ છે. જોકે, બન્ની વિસ્તારનો માલધારી સમાજ આ નિર્ણયને લઈ નાખુશ જોવા મળી રહ્યો છે. તેમનું કહેવું છે, જો ચિત્તા બન્ની વિસ્તારમાં વસવાટ કરશે તો તેમના પાલતુ પશુઓને ખતરો છે.

મધ્ય પ્રદેશના કુનો રાષ્ટ્રીય ઉદ્યાન બાદ હવે ગુજરાત ચિત્તાઓનું નિવાસસ્થાન ધરાવતું બીજું રાજ્ય બનવા જઈ રહ્યું છે. કચ્છના બન્ની વિસ્તારમાં NTCAએ ચાર ચિત્તાઓને સ્થાનાંતરિત કરવાની મંજૂરી આપી દીધી છે. જોકે, અંતિમ મંજૂરી માટે કેન્દ્ર સરકારની સત્તાવાર મંજૂરી બાકી છે તે મળ્યા બાદ જુલાઈ અથવા ઓગસ્ટ મહિનામાં કેન્યાથી બે નર અને બે માદા ચિત્તાઓ ગુજરાત લાવવામાં આવશે. એક વર્ષમાં તબક્કાવાર કુલ ૧૨ ચિત્તાઓને બન્નીમાં વસાવવાની યોજના છે.

ભારત સરકારે દેશમાં ચિત્તાનાં પુનઃ સ્થાપન માટે રચેલી નેશનલ સ્ટિયરિંગ કમિટી ફોર ચિત્તા સાથે સંકળાયેલા નિષ્ણાતોની ટીમે તાજેતરમાં કચ્છનાં બન્ની ઘાસિયા વિસ્તારમાં ચકાસણી હાથ ધરી હતી. ચાર સભ્યોની ટીમે બન્ની પ્રોજેક્ટની ઝીણવટભરી ચકાસણી કરીને તેનો રિપોર્ટ પણ તૈયાર કર્યો હતો. જેના આધારે અંતે બન્ની ઘાસના મેદાનોમાં ચિત્તાને વસાવવા માટે નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA)એ પ્રાથમિક તબક્કે ચાર ચિત્તા માટે મંજૂરી આપી છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ ચિત્તાઓને પ્રથમ ભુજ લાવવામાં આવશે અને ત્યારબાદ બન્નીમાં ખસેડવામાં આવશે, જ્યાં દેશનું પ્રથમ સમર્પિત ચિત્તા સંરક્ષણ અને પ્રજનન કેન્દ્ર વિકસાવવામાં આવી રહ્યું છે. કુનોમાં નામિબિયાના ચિત્તાઓ લાવવામાં આવ્યા હતા જેના બદલે ગુજરાત માટેના ચિત્તાઓ કેન્યાથી લાવવામાં આવશે. અને ખુલ્લા વિસ્તારમાં છોડતા પહેલાં લગભગ એક મહિના સુધી ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવશે. ત્યારબાદ તેમને કેન્યાના સવાના જેવા કુદરતી પર્યાવરણને અનુરૂપ તૈયાર કરાયેલા ૫૦૦ હેક્ટરના વિશેષ વિસ્તારમાં મુક્ત કરવામાં આવશે. ચિત્તા બહાર ભાગી ન જાય કે અન્ય શિકારી પ્રાણીઓ અંદર પ્રવેશી ન શકે તે માટે આશરે ૯.૮ કિલોમીટર લાંબી ચેઈન-લિંક વાડ પણ ઉભી કરવામાં આવી છે. વિભાગ અને એનટીસીએ દ્વારા બન્નીમાં એક વિશાળ પ્રી-રિલીઝ એક્લેવ તૈયાર કરવામાં આવ્યો છે. આ એક્લેવમાં ચિત્તાઓના શિકાર માટે પહેલેથી જ નીલગાય, કાળિયાર, ચિંકારા જેવા તૃણભક્ષી પ્રાણીઓને મોટી સંખ્યામાં છોડવામાં આવ્યા છે. ચિત્તા અહીંના વાતાવરણમાં ઢળી જાય એ માટે ખાસ વ્યવસ્થા ગોઠવાઈ છે. બીજી તરફ સ્થાનિક માલધારી સમાજ આ નિર્ણયનો ઉગ્ર વિરોધ નોંધવી રહ્યાં છે. માલધારીઓનું કહેવું છે કે બન્નીએ હજારો વર્ષથી તેમના પશુઓનું ચરિયાણ છે. ચિત્તા આવવાથી તેમના ઊંટ, ગાય, ભેંસ અને ઘેટાં-બકરાં પર જોખમ ઉભું થશે. જ્યારે આ બાબતે અધિકારીઓનું કહેવું છે કે, ચિત્તા માણસ કે પાલતુ પશુ પર હુમલો કરતા નથી. તેમનો મુખ્ય ખોરાક નીલગાય અને કાળિયાર છે. તેમ છતાં, જો કોઈ માલધારીનું પશુ ચિત્તાનો શિકાર બને તો સરકાર તરફથી તાત્કાલિક અને પૂરતું વળતર ચૂકવાશે.

ચિત્તાઓના આગમનને ધ્યાનમાં રાખીને ગુજરાત વન વિભાગે બન્ની વિસ્તારમાં રહેઠાણ, એનક્લોઝર, પશુચિકિત્સા સુવિધાઓ તેમજ અન્ય વ્યવસ્થાઓની તૈયારીઓ તેજ કરી દીધી છે. ચિત્તાની સંભાળ માટે જરૂરી સ્ટાફની ભરતી પ્રક્રિયા પણ તેજ કરવામાં આવી છે. ચિત્તાઓની દેખભાળ રાખવા માટે રાજ્યનાં વન વિભાગ દ્વારા એક સ્વતંત્ર ઈર્લ્ડ અને વનરક્ષકની નિમણૂક કરવાની સાથે સાથે વેટરનિટી ડોક્ટર સહિતના જરૂરી સ્ટાફની પણ ભરતી પ્રક્રિયા ચાલુ કરી દેવામાં આવી છે. જેને ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

### મુખ્યમંત્રીશ્રીએ નવનિર્મિત શ્રીરામ દરબાર તથા અન્ય મૂર્તિઓનાં દર્શન કરી, રાજ્યના નાગરિકોની સુખાકારી માટે મંગલ કામના કરી

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના સનાતન રામધામ મંદિર ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થયા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ રવિવારે અમદાવાદના થલતેજ સ્થિત શ્રી સનાતન રામધામ મંદિર ખાતે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે મુખ્યમંત્રીશ્રી શ્રીરામ દરબાર તથા અન્ય મૂર્તિઓનાં દર્શન-પૂજન કરી, મહાઆરતીમાં સહભાગી થયા હતા અને રાજ્યના નાગરિકોની સુખાકારી માટે મંગલ કામના કરી હતી. આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આશરે ૯૦ વર્ષ જૂના આ મંદિરનો પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા અન્ય દાતાઓના સહયોગથી જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.



આ મંદિરના મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા ના ૧૦ દિવસીય મહોત્સવના અંતિમ દિવસે મુખ્યમંત્રીશ્રીએ ભક્તિ અને સનાતન સંસ્કારોના અવિરત કેન્દ્ર સમા રામધામ મંદિરે દર્શન કરી, ધન્યતા અનુભવી હતી.

મુખ્યમંત્રીશ્રી મંદિરના ગર્ભગૃહમાં શાસ્ત્રોક્ત વિધિ વિધાન અને મંત્રોચ્ચાર સાથે પૂજા વિધિમાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે 'જય શ્રી રામ' તથા 'શ્રી રામધૂન'થી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ જગન્નાથ મંદિરના પીઠાધીશ દિલીપદાસજી મહારાજ, મોહનદાસજી મહારાજ, રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રી સહિતના સંતો-મહંતો, મંદિરના ટ્રસ્ટીઓ, દાતાઓ, સ્થાનિક અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

### હવામાન વિભાગનું ઓરેન્જ એલર્ટ

# રાજ્યમાં ગરમીનું થર્ડ ડિગ્રી ટોર્ચર, આગ ઝરતી ગરમીની ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજ્યમાં ઉનાળાનો મિજાજ ચરમ પર છે. હવામાન વિભાગે આજથી અનેક જિલ્લામાં હિટવેવનું એલર્ટ આપ્યું છે. નોર્થ ઈસ્ટ રાજસ્થાન વિસ્તારમાં સાયક્લોનિક સરક્યુલેશન સિસ્ટમ સક્રિય બનતા આગામી ૩ દિવસમાં મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનોવધારો થઈ શકે છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં તાપમાન ૪૧થી ૪૪ ડિગ્રીની વચ્ચે રહેવાની સંભાવના છે. સાત દિવસ માટે વિવિધ જિલ્લામાં હીટવેવની સાથે યલો એલર્ટ જાહેર કર્યુ છે. અમદાવાદમાં આજથી છ દિવસ માટે ઓરેન્જ એલર્ટ અપાયું છે.કચ્છ, દ્વારકા, પોરબંદર, રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, દીવ, ભાવનગર, સુરેંદ્રનગર, પાટણ, બનાસકાંઠા, વડોદરા, સુરતમાં ગરમીનું યલો એલર્ટ જાહેર કરાયું છે..જ્યારે અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ છે..એટલે ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર જશે..શનિવારે ૪૪.૪ ડિગ્રી સાથે કંડલા એરપોર્ટ રાજ્યનું સૌથી હોટ શહેર બન્યું...જ્યારે રાજકોટ ૪૩.૭ ડિગ્રી અને અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૩.૪ ડિગ્રી રહ્યું. જ્યારે સાત શહેરોમાં ૪૧ ડિગ્રીથી વધુ ગરમી નોંધાઈ. લોકો અંગ દઝાડતી ગરમીથી બચલા રસ્તા પર છત્રી અને દુપટ્ટાનો સહારો લઈ રહ્યા છે. બપોરના સમયે લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યાં છે.

ઉલ્લેખનિય છે કે ગરમીના કારણે ગરમીના કારણે લોકો રાહત મેળવવા માટે વોટરપાર્કમાં પહોંચ્યા છે જેના પગલે વોટર પાર્ક હાઉસફૂલ જોવા મળી રહ્યાં છે. સ્નોપાર્ક, સ્વીમિંગ પુલ પણ હાઉસફૂલ છે. સમર વેકેશન હોવાથી લોકો ગરમીથી રાહત મેળવવા માટે હિલ સ્ટેશન પહોંચી રહયાં હોવાથી માઉંટ આબુ, સાપુતારા સહિતના હિલ સ્ટેશન પર પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં હાલ એવી ગરમી પડી રહી છે કે, જાણે ગુજરાત અગનભઠ્ઠીમાં શેકાઈ રહ્યું છે. આકાશમાંથી અગનવર્ષા થઈ રહી છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ તાપમાનનો પારો ૪૪ને પાર જવાની આગાહી કરી છે. રાજ્યમાં ક્યાં કેટલું તાપમાન નોંધાયું જાણીએ..

ક્યાં કેટલું નોંધાયું તાપમાન

- કંડલા-૪૪.૪
- રાજકોટ-૪૩.૭
- સુરેંદ્રનગર -૪૩.૫
- અમદાવાદ -૪૩.૪
- વડોદરા-૪૩.૪
- ગાંધીનગર- ૪૩
- ભુજ -૪૨
- ડીસા -૪૧.૮
- કેશોદ-૪૧.૭
- ડીસા -૪૧.૮
- કેશો -૪૧.૭
- ભાવનગર- ૪૦.૮

રાજ્યમાં આકરી ગરમીના શક્યતાને જોતા હવામાન વિભાગે, કચ્છ, દ્વારકા, પોરબંદર, રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, દીવ, ભાવનગર, સુરેંદ્રનગર, પાટણ, બનાસકાંઠા, વડોદરા, સુરતમાં ગરમીનું યલો એલર્ટ જાહેર કરાયું છે. અમદાવાદમાં પણ હાલ આગ ઝરતી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. અમદાવાદમાં છેલ્લા એક સપ્તાહથી તાપમાનનો પારો ૪૨ને પાર પહોંચ્યો છે.

### રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું આયોજન

# સરદાર સાહેબના અનન્ય ચાહક અને સેવક પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આજે રાજ્યના ત્રીજા સરદાર ધામનું લોકાર્પણ કરશે

### સરદાર ધામ પ્રોજેક્ટ સંલગ્ન વિવિધ વિદ્યોતેજક અને એકતાને મજબૂત કરતા આયોજનોનું તેમના હસ્તે લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ પ્રેરિત મૂલ્યોના પરમ ઉપાસક અને સરદાર સાહેબના અનન્ય ચાહક અને સેવક છે. તેઓ આવતીકાલ સોમવાર તા.૧૧ મી મે, ૨૦૨૬ ના રોજ કર્મભૂમિ વડોદરાના પ્રવાસે આવી રહ્યા છે. જે દરમિયાન સમસ્ત પાટીદાર સંગઠનો ની સમાજ હિતકારી એકતાના પ્રતીક સમાન અને રાજ્યના તૃતીય ભવ્ય,વિશાળ અને સુવિધાસંપન્ન સરદાર ધામનું સાંજના સાડા પાંચથી સાત દરમિયાન લોકાર્પણ કરશે.

આ પ્રસંગે સરદાર ધામ પ્રોજેક્ટ સંલગ્ન વિવિધ વિદ્યોતેજક અને એકતાને મજબૂત કરતા આયોજનોનું તેમના હસ્તે લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. તેમને પાટીદાર રત્ન એવોર્ડથી નવાજવામાં આવશે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું આયોજન સરદારધામ ટ્રસ્ટી મંડળ અને સમસ્ત પાટીદાર સંગઠનો દ્વારા કરવામાં આવ્યું છે. વાઘોડિયા ચોકડી ખાતે, એલ એન્ડ ટી નોલેજ સિટીની બાજુમાં પ્રથમ તબક્કામાં અંદાજે દોઢસો કરોડના ખર્ચે ટીમ સરદાર ધામ દ્વારા આ શિક્ષણના માધ્યમ થી સમાજ વિકાસની પરિકલ્પના સાકાર કરતું વિદ્યાતીર્થ સરદાર સાહેબની પ્રેરક પુણ્ય સ્મૃતિને ચરિતાર્થ કરવા બનાવવામાં આવ્યું છે. તેના પ્રાંગણમાં જ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીઓ, સરદાર ધામ ટીમના પ્રતિનિધિઓ, વ્યાપાર ઉદ્યોગ જગતના અગ્રણીઓ અને સામાજિક આગેવાનો ખાસ ઉપસ્થિત રહેશે.

પ્રોજેક્ટના ભાગરૂપે ૨ હજાર દીકરા - દીકરીઓને શિક્ષણની અતિ અધ્યતન નિવાસી સુવિધા આપતું ડો. દુષ્યંત અને દક્ષા પટેલ સંકુલ નિર્મિત થયું છે. જેનું લોકાર્પણ પ્રધાનમંત્રીશ્રી કરશે. ટીમ સરદાર ધામ દ્વારા લોકલાડીલા વડાપ્રધાનનું નાગરિક અભિવાદન કરવામાં આવશે.

# આબુરોડથી અમદાવાદ જતી કાર દાતા પાસે ચાની કીટલીમાં ઘૂસી: અકસ્માતમાં એકનું મોત અને ૭ ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)દાંતા

બનાસકાંઠા જિલ્લાના દાંતા પોલીસ સ્ટેશન પાસે આજે એક અત્યંત ભયાનક અકસ્માત સર્જાયો હતો. આબુરોડથી અમદાવાદ જઈ રહેલી સ્કોર્પિયો ગાડીના ચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતાં અકસ્માત સર્જાયો હતો. સ્કોર્પિયો રોડ સાઈડની ચાની કીટલીમાં ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. આ ભયાનક દુર્ઘટનામાં એક વ્યક્તિનું કરુણ મોત થયું છે અને ૭થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.આ અકસ્માત એટલો જોરદાર હતો કે ચાની કીટલી અને સ્કોર્પિયો ગાડી બંનેનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, સ્કોર્પિયોની ઝડપ એટલી વધારે હતી કે દુકાનદાર ગાડીની અડફેટે આવતા હવામાં ફંગોળાઈને સીધો બાજુના ખેતરમાં જઈને પડ્યો હતો. અકસ્માતને પગલે આસપાસના લોકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી.